# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

## જિલ્લા સેવા સદન–૨, પ્રથમ માળ,

## જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫

**E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in**


તા.૨૧/૦૫/૨૦૧૯

ક્રમાંક : સકઅ/સ.સા.યો./૨૦૧૯–૨૦/૧૦૪૯

**:: પરિપત્ર ::**

પ્રતિ,
આચાર્યશ્રી,
...........................................................................
...........................................................................

વિષય: વર્ષ ૨૦૧૯–૨૦ માં સરસ્વતી સાધના યોજના હેઠળ ધોરણ–૯ ની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક પછાતવર્ગની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓની વિદ્યાર્થીનીઓને એડવાન્સ સાયકલ આપવા તથા દરખાસ્ત મોકલવા બાબત.

શ્રીમાન,

સરસ્વતી સાધના યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક પછાતવર્ગની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓની વિદ્યાર્થીનીઓને સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૦૫/૨૦૧૩ ના ઠરાવ અંતર્ગત નીચે મુજબની શરતોને આધિન સાયકલ આપવાની યોજના અમલમાં હોઈ આ સાથેના નિયત પત્રકમાં દરખાસ્ત તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. **ચાલુ વર્ષે ગત વર્ષને ધ્યાને રાખી આપની શાળાને ............ લેડીઝ સાયકલો એડવાન્સમાં ફાળવવામાં આવે છે. જેની પહોંચ રીસીવ સેન્ટર ખાતે આપવા વિનંતી. જે ધોરણ–૯ ની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાતવર્ગની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓની વિદ્યાર્થીનીઓને શાળા પ્રવેશોત્સવ–૨૦૧૯ દરમ્યાન વિતરણ કરવાનું રહેશે.**

**શરતો :**

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાતવર્ગની ચાલુ વર્ષ ૨૦૧૯–૨૦ માં ધોરણ–૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ મળવા પાત્ર છે.

(૨) વિદ્યાર્થનીના પિતા/વાલીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/– થી ઓછી હોવાનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી શાળાના રેકર્ડ પર રાખવાનું રહેશે.

(૩) વિદ્યાર્થીનીના રહેઠાણથી શાળાનું અંતર ધ્યાને લેવાનું રહેતુ નથી.

(૪) **આ સાથેના નમુનાના પત્રકમાં Excel Sheet માં સામાજિક અને શૈક્ષીણક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગની અલગ પત્રક નિયત નમુનામાં દરખાસ્ત ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં સીડી બનાવી મોકલી આપવાની રહેશે.**

Scanned by CamScanner

(૫) ચાલુ વર્ષે શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ સાયકલો આપવાની છે, અત્રેથી આપની શાળાની ધોરણ–૯ ની સામાજિક અને શૈક્ષીણક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓની વિદ્યાર્થીઓની એડવાન્સ સાયકલો ફાળવવામાં આવેલ છે. જે પ્રવેશ મુજબ વિતરણ કરવી. બાકી રહેતી વિદ્યાર્થીઓની સાયકલો આપના તરફથી મળેલ દરખાસ્તના આધારે મંજુર કરી ફાળવવામાં આવશે. આ સાથેના નમુનામાં સામાજિક અને શૈક્ષીણક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગની વર્ષ ૨૦૧૯–૨૦ ની ધોરણ–૯ ની વિદ્યાર્થીઓની દરખાસ્ત **તા.૩૧/૦૭/૨૦૧૯** સુધી આ કચેરીએ મોકલી આપવાની રહેશે. એડવાન્સમાં આપવામાં આવેલ સાયકલોનું વિતરણ કરતાં પહેલાં વિદ્યાર્થીનીના વાલીની આવક ચકાસી વિતરણ કરવું. માહિતી નિયત સમય મર્યાદામાં નહિ મળે તો તે અંગેની સઘળી જવાબદારી આપની રહેશે, જેની નોંધ લેવા વિનંતી છે.

(૬) વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કર્યા બાદ વિદ્યાર્થીની ની સહી સાથેની પાવતી યાદી સહિત અત્રેની કચેરીએ મોકલી આપવી.

**બિડાણ:** નિયત નમુનાનું પત્રક

**જિલ્લા શિક્ષણાધિકારી**
**બનાસકાંઠા, પાલનપુર**

**જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી**
**(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર**

---

**વર્ષ: ૨૦૧૯–૨૦ માં ધોરણ–૯માં અભ્યાસ કરતી સા.શૈ.પ.વ./ આ.પ.વ.ની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓની વિદ્યાર્થીનીઓને "સરસ્વતી સાધના યોજના" હેઠળ સાયકલ આપવાની દરખાસ્તનો નમુનો**

**શાળાનું નામ અને પુરેપુરૂ સરનામુ** .............................................................

**આચાર્યશ્રીનું નામ :** ....................................... **મો.નં.**......................

**કલાર્કનું નામ :** ....................................... **મો.નં.**......................

**સા.શૈ.પ.વ.ની દરખાસ્ત** ........ **+ આ.પ.વ.ની દરખાસ્ત** .......... **= કુલ સાયકલો** ..........

**શાળા પ્રવેશોત્સવ સમયે ફાળવેલ સાયકલો** ....... **બાકી રહેતી સાયકલો** ..... **પરત કરવાની સાયકલો** ......

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | જાતિ / પેટા જાતિ | વિદ્યાર્થીની નો જી.આર. નંબર | ધોરણ | ગામનું નામ | તાલુકો | વિદ્યાર્થીનીના પિતા/ વાલીની વાર્ષિક આવક | પિતા/ વાલીનો વ્યવસાય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

**<u>પ્રમાણપત્ર</u>**

(૧) આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, અમારી શાળામાં વર્ષ ૨૦૧૯–૨૦ માં ધોરણ – ૯ માં પ્રવેશ મેળવેલ ઉપરની દરખાસ્તમાં દર્શાવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાતવર્ગની સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓની વિદ્યાર્થીઓના પિતા/વાલીની ગત વર્ષની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૧,૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂા.૧,૫૦,૦૦૦/– થી ઓછી હોવાના સક્ષમ અધિકારીશ્રીઓના પ્રમાણપત્રો મેળવી શાળાના રેકર્ડ પર રાખેલ છે, અને દરખાસ્ત પત્રકમાં દર્શાવેલ વિગતો સાચી અને બરાબર છે.ગય

(૨) ધોરણ , ૯ માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાતવર્ગની સાયકલો મેળવવાને પાત્ર કોઈ વિદ્યાર્થીનીઓની દરખાસ્ત હવે મોકલવાની બાકી રહેતી નથી.

**આચાર્યશ્રીની સહી/સિકકો**

**સ્થળ :**
**તારીખ :**

Scanned by CamScanner